સમૌ ગામનાં ખેતરમાં દાટેલો દારૂ-બિયરનો જથ્થો પકડાયો

ગાંધીનગર એલસીબી પીઆઈ. આશુતોષ પરમારને બાતમી મળી હતી કે માણસાના સમૌ ગામે એક ખેતરમાં દારૂ બિયરનો મોટો જથ્થો દાટીને સંતાડવામાં આવેલો છે. જેને આધારે આજે તેમની ટીમ સાથે જઈ ખેતરમાંથી દારૂ-બિયરનો જથ્થો બહાર કાઢી જપ્ત કર્યો છે. એલસીબીની ટીમે ૨૨૨ દારુની બોટલો અને ૩૬ બિયરના ટીન મળીને કુલ રૂ. ૩૧ હજારનો દારૂ-બિયરના ટીન મળીને કુલ રૂ. ૩૧ હજારનો દારૂ-બિયરનો જથ્થો કબજે લઈ માણસાના બુટલેગર શેતાનસિંહ બળવંતસિંહ ચાવડાની શોધખોળ શરુ કરી છે.

ચોરીની જુની રિક્ષા મુકીને નવી રિક્ષા ચોરી જનાર પકડાયા

રાંધેજામાંથી રિક્ષાની ચોરી કરી હતી : બે શખ્સોની ધરપકડ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામમાં ઘર આંગણે પાર્ક કરેલી નવી રિક્ષાને કોઈ શખ્સો ચોરી કરી ગયા હતા તેની જગ્યાએ ચોરીની જુની રિક્ષા પણ મુકી ગયા હતા. પેથાપુર પોલીસે આ રિક્ષા ચોર બે શખ્સોને ઝડપી પાડયા છે અને બંનેની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરી સેન્ટ્રલ જેલ હવાલે કરી દીધા છે.

રાંધેજા ગામના ઠાકોર વાસમાં રહેતા મહેન્દ્રભાઈ ચિમનભાઈ રાવળની નવી રિક્ષા તેમણે ઘર આંગણે પાર્ક કરી હતી તેની ચોરી થઈ જવા પામી હતી અને તે સ્થળે કોઈ બીજી જુની રિક્ષા કોઈ મુકી ગયું હોવાની ઘટના બનવા પામી હતી આ અંગે પેથાપુર પોલીસ મથકમાં ફરિયાદ થઈ હતી. પી.એસ.આઈ. એસ.જે. વાઘેલા તથા તેમની ટીમે તપાસ કરતાં જે રિક્ષા મુકી જવામાં આવી હતી તે સે-૨૧ પોલીસ સ્ટેશનની હદમાંથી ચોરાઈ હોવાની વિગતો ખુલી હતી. પેથાપુર પોલીસે જુના રિક્ષા મુકીને નવી ચોરી જનાર શખ્સોને શોધી કાઢી બે શખ્સોને પકડી પાડયા છે. મુળ જસદણ વિસ્તારનાં અને હાલ અમદાવાદ સરખેજ ખાતે રહેતા પ્રકાશ અરજણ વણઝારા અને શિવા ઉર્ફ બહાદુર રામજી દેવીપુજક બંનેની ધરપકડ કરી આજે પેથાપુર પોલીસે સેન્ટ્રલ જેલ હવાલે કરી દીધા છે.

સે-૬નાં શોપીંગ નજીકથી સવારે મહિલાનો દોરો ખેંચાયો

ચાલતી જતી મહિલાના ગળામાંથી સવા તોલાનો દોરો આંચકી લઈ બાઈક પર આવેલા બે ચેઈન સ્નેચર ફરાર

ગાંધીનગર, તા.૧૯

કલોલ પૂર્વ વિસ્તારમાંથી ગાંધીનગર પોતાના સંબંધીને ત્યાં આવેલા મહિલા આજે સવારે સે-૬ શોપીંગ નજીક શાકમાર્કેટ પાસેથી ચાલતા જઈ રહ્યા હતા તે દરમિયાન બાઈક પર ડબલ સવારી આવલા ચેઈન સ્નેચરોએ તેમને નિશાન બનાવ્યા હતાં. ગળામાં હાથ મારીને સવા તોલા વજનનો સોનાનો દોરો ખેંચીને બંને શખ્સો રફ્ફુચક્કર થઈ ગયા હતા. આ બનાવ અંગે સે-૭ પોલીસે ચેઈન સ્નેચીંગનો ગુનો નોંધીને વધુ તપાસ શરુ કરી છે.

કલોલ પૂર્વ વિસ્તારમાં રહેતા પુનમબેન ભરતભાઈ પંડયા આજે ગાંધીનગર રહેતા સંબંધીને ત્યાં આવ્યા હતા. પૂનમબેન આજે સવારે સવા દશ વાગ્યાના સુમારે સે-૬ના શોપીંગ નજીક શાક માર્કેટ વાળા માર્ગ પરથી ચાલતા જઈ રહ્યા હતા ત્યારે બાઈક પર ડબલ સવારી આવેલા અજાણ્યા ચેઈન સ્નેચર્સે ગળામાં હાથ મારીને સોનાનો સવા તોલા વજનનો દોરો આંચકી લીધો હતો. રૂ.૩૦ હજારની કિંમતનો દોરો ખેંચીને ચેઈન સ્નેચર્સ પળવારમાં રફ્ફુ ચક્કર થઈ ગયા હતાં. મહિલાએ સે-૭ પોલીસ મથકે ચેઈન સ્નેચીંગ અંગે ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને પી.એસ.આઈ. પરમારે વધુ તપાસ શરુ કરી છે.

ખોરજ નર્મદા કેનાલમાં બાપુનગરના આધેડનો આપઘાત

ગાંધીનગર, તા.૧૯

અમદાવાદના બાપુનગર વિસ્તારમાં રહેતા ૪૫ વર્ષીય મહેન્દ્રભાઈ નાગજીભાઈ પટેલનો ગાંધીનગર નજીક ખોરજ નર્મદા કેનાલમાંથી ગઈ મોડી સાંજે મૃતદેહ મળી આવ્યો હતો. મહેન્દ્રભાઈ હિરા ઘસવાનું કામ કરતા હતા અને સાતેક વર્ષ પહેલા છુટાછેડા થયા હતા ત્યારથી એકલવાયુ જીવન જીવતા હતાં. આધેડે કયા કારણોસર આપઘાત કર્યો તે હજુ સ્પષ્ટ થયું નથી. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને મૃતદેહ પી.એમ. કરાવી વધુ તપાસ શરુ કરી છે.

સ્ત્રી સશક્તિકરણ અને પ્રજાલક્ષી નિર્ણયો દ્વારા આનંદીબેન સફળ મુખ્યમંત્રી સાબિત થઈ રહ્યા છે

કર્મચારીઓને લગતા નાણાંકીય ચૂકવણીના હકારાત્મક નિર્ણયો લેવાની ઝડપથી નરેન્દ્ર મોદીની રાહે ચાલી રાજ્યનો વિકાસ કરી રહ્યા છે : નિવૃત્ત અધિકારી વિરાભાઈ પટેલનું મંતવ્ય

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી અને મહિલા સશક્તિકરણના હિમાયતી આનંદીબેન પટેલ ધીમે-ધીમે પણ સરાહનીય કામગીરી કરી રહ્યા છે. સરકારી કર્મચારીઓને લગતા નાણાંકીય ચૂકવણીના જે વિવિધ નિર્ણયો ખુબ જ ઝડપી લીધા છે જેથી જનતામાં લોકપ્રિય સાબિત થઈ રહ્યા છે તેમ ગાંધીનગરના અગ્રણી અને નિવૃત્ત કર્મચારી વિરાભાઈનું મંતવ્ય છે.

પાટણ વિસ્તારના ધારાસભ્ય તરીકે શ્રીમતી આનંદીબેન પટેલે ચૂંટાઈ કેબીનેટ કક્ષાના મંત્રીનું પદ શોભાવતા હતા ત્યારે પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના પીંઢારપુરા ગામના વતની અને નિયામકશ્રી અન્ન નાગરિક પુરવઠા કચેરીના નિવૃત અધિકારી તેમજ ગાંધીનગરના અગ્રણી વિરાભાઈ પટેલ તેમના સંબંધી અને પાટણ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ સ્વ. ભાઈલાલભાઈ પટેલ સાથે આનંદીબેન પટેલની અવાર-નવાર મુલાકાત લેતા હતા ત્યારે આનંદીબેનનો કુદરતી સ્વભાવ તેમને અનુકૂળ જણાતો ન હતો, જ્યારે ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે આરૂઢ થયા બાદ બેનના સ્વભાવમાં ખુબ જ પરિવર્તન આવ્યુ છે. મુખ્યમંત્રી તરીકે બિરાજમાન થયા પછી તેઓ જે ગતિથી પ્રજાલક્ષી નિર્ણયો લઈ અને સ્ત્રીસશક્તિકરણના અભિયાનને વેગવંતુ બનાવી નરેન્દ્રભાઈ મોદીના રાહે ચાલી ગુજરાત રાજ્યને વિકાસના પથ પર આગળ ધપાવી રહ્યા છે. તાજેતરમાં જ કર્મચારીઓને લગતા નાણાંકીય ચૂકવણીના જે વિવિધ નિર્ણયો ખુબજ હકારાત્મક અને ઝડપથી લીધા છે તેને લઈ પ્રજાજનોમાં ધીમે-ધીમે પણ સરાહનીય લોકસેવાના માધ્યમથી લોકપ્રિય સાબિત થઈ રહ્યા છે તેવુ ગાંધીનગરના અગ્રણી અને નિવૃત્ત કર્મચારી વિરાભાઈ પટેલનું મંતવ્ય છે.

ભાજપની સરસાઈમાં મોટો ઘટાડો થઈ ગયો

અમદાવાદ,તા. ૧૯

રાજકોટ વિધાનસભાની પેટાચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવાર જયંતિભાઈ કાલરિયાએ આપેલ જોરદાર લડત અને ભાજપની પાછલી ત્રણ ચૂંટણીમાં મેળવેલી સરસાઈમાં ઘટાડો અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ જણાવ્યુંહતુંકે, રાજકોટ વિધાનસભાની બેઠક છેલ્લા ઘણઆ સમયથી ભાજપ પાસે છે. છેલ્લી ત્રણ ચૂંટણીમાં ભાજપે મેળવેલી સરસાઇ કરતા આ વખતે વિધાનસભામાં ભાજપની સરસાઈમાં મોટો ઘટાડો થયો છે અને કોંગ્રેસે મેળવેલા મતમાં વધારો થયો છે. સમગ્ર લડતમાં કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનોએ એક થઈને ભાજપ સામે લડત આપી હતી. કોંગ્રેસના ઉમેદવારની સ્વચ્છ પ્રતિભા હતી. પ્રજાએ આપેલો ચુકાદો અમો માથે ચડાવીએ છીએ અને રાજકોટ અને સૌરાષ્ટ્ર અને ગુજરાતના પ્રશ્નો સમસ્યા અંગે કોંગ્રેસ પક્ષ વધુ અસરકારકતાથી લડત આપીશું.

દિવાળીમાં રંગબેરંગી આતશબાજીથી નગરનું આકાશ છવાઈ જશે

હવે પરિવાર-મિત્રો-સંબંધીઓ સાથે મળીને ફટાકડા ફોડવાના ક્રેઝમાં વધારો થયો છે : છેલ્લે સુધી ફટાકડાના સ્ટોલ બાબતે તંત્રની અસમંજસ : તકનો લાભ ઉઠાવી ફેરિયા-લારીવાળાઓ સેક્ટરોમાં દારૂખાનુ વેચવા નીકળી પડ્યા

ગાંધીનગર, તા. ૧૭

દિપ જ્યોતિનું પર્વ દિવાળી ફટાકડા સાથે એટલો સજ્જડ રીતે જોડાઈ ગયો છે કે ઘણા લોકો તો ફટાકડા ફોડીએ તો જ દિવાળીની ઉજવણી થાય તેવું માને છે. જો કે દિવાળીમાં દારૂખાનુ ફોડવાનું નાના ભુલકાઓથી માંડીને મોટા વડીલોને પણ પસંદ હોય છે અને ઘણા લોકો તો આ દારૂખાનાના ધુમાડાથી ચોમાસાના માખી-મચ્છર જેવા રોગજન્ય જીવજંતુઓનો નાશ થાય છે તેવું પણ માને છે.

દેશભરમાં દિવાળી નિમિત્તે ફોડવામાં આવતા ફટાકડાનું બજાર ખુબ મોટુ છે. અને અનેક પરિવારો આ વ્યવસાય પર નભે છે. પરંપરાગત દારૂખાનામાં કોઠી, ચકરડી, ભડાકીયા, બપોરીયા, તારામંડળ અને હવાઈની સાથે હવે વિવિધ આતશબાજી અને રંગબેરંગી ચાઈનીઝ ફટાકડાનું પણ આ સમયે ધૂમ વેચાણ થાય છે. તંત્ર દ્વારા દર વર્ષે દિવાળી નિમિત્તે ફટાકડા માટેના સ્ટોલનું નગરમાં વિવિધ સ્થળે ખાસ આયોજન કરવામાં આવે છે. અને ફટાકડા વેચવા માટેના લાઈસન્સ ઈશ્યુ કરાય છે. જો કે આ સિવાય પણ અનેક લારી-ગલ્લા અને ફેરિયાઓ દ્વારા પણ બજારમાં ફટાકડા વેચાય છે.

ફટાકડા બાળકોને સૌથી વધુ પ્રિય હોય છે. જેમાં ભોંય ચકરડી, સપરંગી કોઠી-અનાર, તારામંડળ, બપોરીયા, ટેટાની લૂમ, કાળા ભમ્મર સાપોલીયા, હીરા કોઠી, પેન્સિલ, રોકેટ, ૫૫૫ બોમ્બ અને ચકલી ટેટા ખૂબ લોકપ્રિય છે. આ ઉપરાંત આજકાલ બજારમાં સાત ધડાકાથી માંડીને આકાશમાં વિવિધ રંગબેરંગી ડીઝાઈન સર્જતા અને લગભગ દસેક મીનીટ સુધી સતત ફુટતી આતશબાજીઓ જેવા મોંઘા ફટાકડા પણ હવે નગરમાં સામાન્ય બની ગયા છે. દર વર્ષે દિવાળીમાં દારૂખાનાની ખરીદી માટે દરેક પરિવારે વિશેષ બજેટ ફાળવવું પડે છે. અને હવે તો મિત્રો-સંબંધીઓ બધા સાથે મળીને ફટાકડા ફોડવાનો ક્રેઝ પણ વધતો જાય છે. ઘણીવાર ચડસાચડસીમાં ફોડવામાં આવતા ફટાકડા ક્યારેક નાનુ મોટુ નુકશાન પણ કરે છે. જો કે ઉત્સવ પ્રેમીઓ માટે આવા બનાવોની મોટી અસર ઉભી થતી નથી.

આ વર્ષે ગાંધીનગરમાં દિવાળી છેક ડેલે આવી ત્યાં સુધી તંત્ર દ્વારા ફટાકડાના સ્ટોલ માટે જગ્યા ફાળવવાની બાબતે અસંમજસ ચાલુ રહી છે. જેના કારણે ફટાકડાના સ્ટોલ ઉભા થવામાં મોડુ થવા પામ્યું છે. દિવાળીના દિવસો અગાઉ જ આવેલા શનિ-રવિના દિવસોમાં વાલીઓ દારૂખાનાની ખરીદી કરે તેવી શક્યતાઓ છતાં શુક્રવાર સુધી તો આ અંગે કોઈ સ્પષ્ટતા જણાઈ નથી. આ તકનો લાભ લઈને હાલ તો લારીઓવાળા અને ફેરિયાઓ તેમજ નાના દુકાનદારોએ ફટાકડા વેચવાનું ચાલુ કરી દીધુ છે.

દિવાળી કાઉન્ટ ડાઉન

(તસવીર : કશ્યપ નિમાવત)

ચશ્મા-ટોપી - આજકાલ ગાંધીનગરના માર્ગો પર અવનવા રંગની ટોપી અને ગોગલ્સના વિક્રેતાઓ ગોઠવાયા છે... ઠંડી અને ગરમીથી રક્ષણ આપવા ટોપીઓ જુદી જુદી સાઈઝોમાં, જુદા જુદા રંગોમાં ઉપલબ્ધ બની છે...

રેશનલ સમાજ મુક્તિધામમાં અંધશ્રદ્ધા નિર્મૂલન કાર્યક્રમ યોજશે

મધ્યરાત્રીએ વડા-પુરી, ભજીયા આરોગી સંદેશ આપશે

ગાંધીનગર, તા. ૧૯

કાળી ચૌદશની રાત્રી એટલે ભૂત-પ્રેતને વશમાં કરવાની રાત્રી તેવી લોક માન્યતા છે. માન્યતા ઘર કરી ગઈ છે. ગાંધીનગર રેશનલ સમાજ ઘર કરી ગયેલ માન્યતાને દૂર કરી જાગૃતિ લાવવા ચૌદશની મધ્ય રાત્રીએ સ્મશાનમાં જઈ ભોજન કરશે.

ચૌદશના દિવસને તાંત્રીકોનો દિવસ ગણવામાં આવે છે. નાગરિકો આ દિવસને ભયંકર દિવસ ગણે છે. આ દિવસે ક્યાય બહાર ન જવુ તેમજ આંખોમાં કાજલ નાખવુ સહિતની માન્યતાઓ રાખીને ફરતા હોય છે.

સેક્ટર-૩૦ મુક્તિધામ ખાતે રેશનલ સમાજ સ્મશાનમાં પુરી-વડા, ભજીયાનું ભોજન કરશે અને નાગરિકોમાં રહેલી અંધશ્રદ્ધા દૂર કરવા પ્રયત્ન કરશે. તેમજ અમદાવાદ મેજીક એસોસિએશનના પ્રમુખ કૌશિક શુકલ અને જાણીતા રેશનાલીસ્ટ કિરીટભાઈ ચમત્કારો વિશે નિદર્શન કરશે.

સ્મશાનમાં સર્વે સભ્યો સહિત ઉપસ્થિત નગરજનો વચ્ચે સ્મશાનમાં જ મધ્ય રાત્રીએ ભોજન લેશે. ચૌદશને દિવસે નાગરિકો ચાર રસ્તા ઉપર કકળાટ કાઢવા માટે વિવિધ ચીજવસ્તુઓ મુકી જાય છે. તેમજ વડા, પુરી, ભજીયા, નાળિયેર પણ મુકી જતા હોય છે. તે તમામ અંધશ્રદ્ધાનો ભાગ છે. આ જનજાગૃતિ કાર્યક્રમમાં નગરજનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૦
સૂર્યાસ્ત : ૬.૧૦

તાપમાન

મહત્તમ : ૩૬.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૪૨ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૨ :

બેંગ બેંગ : ૩.૪૫,૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

બેંગ બેંગ : ૧૦.૦૦

ડ્રેક્યુલા અનટોલ્ડ (અંગ્રેજી) : ૧૨.૪૫, ૩.૪૫, ૫.૪૫, ૯.૪૫

મુંબઇ ૧૨૫ કિ.મી. (૩ડી) : ૭.૪૫

: સ્ક્રીન-૪ :

સોનાલી કેબલ : ૧૨.૦૦, ૪.૩૦, ૭.૦૦

મુંબઇ ૧૨૫ કિ.મી. (૨ડી) : ૨.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

મુંબઇ ૧૨૫ કિ.મી. (૨ડી) : ૧૦.૦૦

બેંગ બેંગ : ૧૨.૪૫, ૬.૩૦

હૈદર : ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૨ :

મુંબઇ ૧૨૫ કિ.મી. : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૩ :

સીટી ઓફ ડ્રીમ : ૧૧.૪૫, ૫.૦૦, ૧૦.૦૦

બેગ-બેગ : ૨.૦૦, ૭.૦૦

આપની આજ

મેષ : પારિવારિક જીવન સંતોષપ્રદ રહેશે. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખો. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

વૃષભ : તમારા કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ-પ્રધાન હોવી જોઈએ. ઉત્સાહ અને પ્રયાસ તમને સફળતા પ્રદાન કરી શકશે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે.

મિથુન : વ્યવસાયિક યોજનાઓનો અમલ થશે. પારિવારિક વાતાવરણ સહયોગાત્મક રહેશે. કાર્યક્ષમતા વધશે. જવાબદારીઓ વધશે, જેની પૂર્તિ કરવી પડશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

કર્ક : ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થઈ જશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

સિંહ : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચી વધશે. શુભ સમાચાર પ્રાપ્ત થશે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

કન્યા : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ. કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

તુલા : વ્યાપારમાં લાભની સ્થિતિ બનશે. સ્ત્રી પક્ષથી કાર્યોમાં સહયો પ્રાપ્ત થશે. શુભ સમાચાર મળવાથી મન પ્રફુલ્લિત થશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

વૃશ્ચિક : સહયોગી અને ભાઈઓના વ્યાપારમાં વૃદ્ધિ થશે. ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

ધન : માનસિક અસંતોષને કારણે નવી યોજનાઓમાં વિલંબ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

મકર : કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે.

કુંભ : આમોદ- પ્રમોદના અવસર મળશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

મીન : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

ચિરવિદાય

- સ્વ. ડાહીબેન ઈશ્વરભાઈ શાહ, (ઉ.વ.૭૨) બ્લોક નં. ૨/૨, છ-ટાઈપ, સેક્ટર-૨૩, ગાંધીનગર
- સ્વ. દાતણીયા કાલુભાઈ ધરમદાસ (ઉ.વ.૩૮) સીવીલ કંપાઉન્ડ, સેક્ટર-૧૨, છાપરાં, ગાંધીનગર
- સ્વ. વાઘેલા શકરીબેન નરશીભાઈ, (ઉ.વ.૯૦) મુ. પાલજ, તા.જી. ગાંધીનગર